## હારજીતનું પરિણામ જે આવે તે પણ મત ગણતરી સમયની ઉત્કંઠા એક અલગ જ પ્રકારની હોય છે









■ મંગળવારે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેની મત ગણતરી હતી. ત્યારે ગાંધી એન્જિનિયરિંગ કોલેજ ખાતે મોટી સંખ્યામાં લોકો ઊમટી પડ્યા હતા. તો મતગણતરી કેન્દ્રની અંદર પણ એટલો જ ઉત્સાહ જોવા મળ્યો હતો અને પોલીસ અને પ્રશાસનની ટીમે સુંદર કામગીરી કરી હતી. **(તસવીર : સતીષ જાદવ)**

# નર્મદા જિલ્લા પંચાયતમાં આપનો કિલ્લો: 20માંથી 14 સીટ પર કબજો

**ડેડિયાપાડા** તાલુકા પંચાયત સહિત નર્મદા જિલ્લાની 4 તાલુકા પંચાયત અંકે



દીપલ સોની

ડેડિયાપાડા, સાગબારા, રાજપીપળાઃ નર્મદા જિલ્લા પંચાયતની 22 બેઠક માટેના પરિણામ મંગળવારે જાહેર થતાં જ રાજકીય ભૂકંપ સર્જાયો છે. આમ આદમી પાર્ટી (AAP)એ 14 બેઠક પર વિજય મેળવીને જિલ્લા પંચાયત પર સત્તા હાંસલ કરી લીધી છે. જ્યારે ભાજપને માત્ર 7 બેઠક મળી છે.

ડેડિયાપાડા પંચાયતની તમામ પાંચ બેઠકો પર પણ આમ આદમી પાર્ટીએ કબજો જમાવ્યો છે. આ બેઠકોમાં ડેડિયાપાડા-1, ડેડિયાપાડા-2, મોરજડી, માલ સામોટ અને મંડાળાનો સમાવેશ થાય છે. સાગબારા તાલુકા પંચાયતમાં કુલ 18માંથી 13 બેઠક AAP મેળવી લીધી છે. જ્યારે સાગબારા તાલુકામાં 4 જિલ્લા પંચાયતની બેઠકો પર તમામ બેઠકોએ AAP જીતીને સામેની પાર્ટીનાં સૂપડાં સાફ કર્યાં છે. ભાજપ સરકારે બનાવેલા નવ નિર્મિત ચીકદા તાલુકા પંચાયતમાં ભાજપને માત્ર સમ ખાવા પડે એવી એક બેઠક મળી છે.

### ભાજપાના ઉમેદવારે જાહેરમાં નોટો ઉડાવી

રાજપીપળાઃ રાજપીપળા ખાતે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પરિણામોમાં ગામકૂવા તાલુકા પંચાયતના ભાજપના ઉમેદવાર રૂપિયા 50ની નોટોની થપ્પી હાથમાં લઇ જાહેરમાં નોટોનો વરસાદ વરસાવતા નજરે પડ્યા હતા. 50ની નોટો ઉડાવતા લોકો એને લેવા માટે પાપડી કરતાં પણ જોવા મળ્યા હતા. ભાજપના આ વિજેતા ઉમેદવારે રૂપિયાનો વરસાદ વરસાવતાં લોકોમાં પણ આશ્ચર્ય સર્જાયું હતું

# આપ પર કટાક્ષ, ભાજપ કાર્યકરોએ રસ્તા પર મમરા વેરી ઝાડું માર્યું

સુરતઃ સુરત મહાનગરપાલિકામાં ભાજપના ભવ્ય વિજય બાદ વોર્ડ નંબર 4 માં કાર્યકરોએ વિપક્ષની કારમી હાર પર કટાક્ષ કરવા માટે કચરો કરીને ઝાડુ માર્યું હતું. અહીં ભાજપના ઉત્સાહી કાર્યકર્તાઓએ રસ્તા પર મોટી માત્રામાં મમરા વેર્યા હતા અને ત્યારબાદ તેના પર ઝાડું ફેરવીને સફાઈ કરી હતી. આ અનોખી ઉજવણી પાછળનો મુખ્ય આશય આમ આદમી પાર્ટીના ચૂંટણી ચિન્હ 'ઝાડુ' નો ઉપયોગ કરીને જ વિરોધ પક્ષના 'સૂપડા સાફ' થઈ ગયા હોવાનો સંદેશ આપવાનો હતો. આ ઉજવણી દરમિયાન કાર્યકરોનો જોશ એટલો ઊંચો હતો કે તેઓએ ખાસ કરીને આમ આદમી પાર્ટીના પ્રતીક સમાન ઝાડુની સળીઓ એક-એક કરીને ઉખેડી નાખી હતી,



# 10 વર્ષે સૌરાષ્ટ્રવાસી વિસ્તારમાં ભાજપનો કબજો

**2015માં** કોંગ્રેસ અને 2021માં આપે આ વિસ્તારો જિત્યા હતા પરંતુ હવે ભાજપે ફરી આ વિસ્તારો કબજે કરી લીધા

**પરિણામો** જોતાં કતારગામ-વેડમાં પણ પ્રજાપતિ સમાજની નારાજગી દેખાઈ નહીં

સુરતઃ સુરત મનપાની ચુંટણી 2026ના પરિણામ જાહેર થતાંની સાથે જ ભાજપે અનેક રેકોર્ડ કર્યા છે. 115 બેઠક પર વિજયની સિદ્ધિ હાંસલ થઇ છે. જો કે તેનાથી મોટી સિદ્ધિ ભાજપ માટે એ છે કે, છેલ્લા 10 વર્ષથી એટલે કે 2015થી જ્યાં ભાજપનો પગ નહોતો મુકાતો તે વરાછા, મોટા વરાછા, સીમાડા, પુણા વગેરે વિસ્તારોમાં ભાજપે ધમાકેદાર કમબેક કર્યુ છે. આ વિસ્તારો 2012 સુધી ભાજપ માટે મજબૂત ગઢ હતો. મુખ્યમંત્રીથી માંડીને વડાપ્રધાન સુધીના નેતાઓની સભાઓ વરાછાના વિસ્તારોમાં થતી હતી. પરંતુ 2015માં મનપાની ચૂંટણી વખતે પાટીદાર આંદોલનને કારણે ભાજપનો આ કિલ્લો ઢળી પડ્યો હતો અને ત્યાર બાદ 2021ની ચૂંટણીમાં આ વિસ્તારના મતદારો આમ આદમી તરફ વળતા ભાજપની મુશ્કેલી વધી હતી. જો કે 10 વર્ષની સતત મહેનત બાદ આ વખતે વિપક્ષનો સફાયો કરી 4 બેઠક બાદ કરતાં તમામ બેઠકો જીતીને ભાજપે પોતાનો ગઢ ફરીથી કબજે કર્યો હતો. આ ઉપરાંત કતારગામ-વેડ વિસ્તારમાં આ વખતે પ્રજાપતિ સમાજની નારાજગી ભાજપને નડે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી હતી. પરંતુ પરિણામો જોતાં પ્રજાપતિ સમાજે પણ ભાજપને જ મતદાન કર્યું હોવાનું મનાઈ રહ્યું છે.

## વોર્ડ નં.12માં 'આપે' કોંગ્રેસના બે ઉમેદવારને તો વોર્ડ નં.17માં કોંગ્રેસે આપને હરાવ્યું

**કેટલાક** વોર્ડમાં છેલ્લે સુધી વિપક્ષ આગળ રહેતા ભાજપના નેતાઓનું પ્રેશર વધ્યું

સુરતઃ આજની મતગણતરીમાં બે વોર્ડ એવા હતાં કે જ્યાં જો કોંગ્રેસ કે આપની પેનલ પૈકી એકની નબળી હોત તો ભાજપ હારી શકે તેમ હતું.

વોર્ડ નંબર 16 પુણા પશ્ચિમમાં જ્યાંથી પૂર્વ વિપક્ષી નેતા અને પાયલ સાકરીયા અને આપની મજબૂત પેનલ હારી ત્યાં હારનું માર્જીન સૌથી ઓછું એટલે કે 4000 ની આસપાસનુ છે. આ વોર્ડમાં ભાજપના ચારેય ઉમેદવારને મળીને કુલ 54607 મત મળ્યા છે. જ્યારે આમ આદમી પાર્ટીની પેનલને 50256 અને કોંગ્રેસના ઉમેદવારો અહીં 5063 મતોનું ગાબડું પાડી ગયા છે. એટલે કે આપ અને કોંગ્રેસના મતો મળીને કુલ 55256 મતો થાય છે. જે આપની પેનલ કરતાં 5000 વધુ છે. આવી જ રીતે જ્યાં ભાજપની પેનલ તૂટી તે વોર્ડ નંબર 12માં ભાજપના જીતેલા ત્રણ ઉમેદવારની પેનલને 83082 મત મળ્યા છે. તો કોંગ્રેસ અને આપ મળીને કુલ 91872 મત મળ્યા છે.

આ વોર્ડમાં કોંગ્રેસના ત્રણ જ ઉમેદવાર હતા જેને અનુક્રમે 20769, 16017, તેમજ 18745 મત મળ્યા છે. જ્યારે આમ આદમી પાર્ટીના ચાર ઉમેદવારને અનુક્રમે 6877, 10716, 5840 તેમજ 12851 મત મળ્યા છે. એટલે કે કોંગ્રેસના બે હારેલા ઉમેદવારના મતોમાં આમ આદમી પાર્ટીએ ગાબડું પાડ્યું અને ભાજપના ત્રણ ઉમેદવાર જીત્યા છે. મતગણતરી વખતે અમુક વોર્ડમાં ભાજપના ઉમેદવારોના શ્વાસ અધ્ધર થઇ ગયા હતા. વોર્ડ બે, ત્રણ અને ચારમાં થોડા સમય માટે ભાજપના ઉમેદવાર કરતાં આમ આદમી પાર્ટીના ઉમેદવારો આગળ રહેતા ટેન્સન વધ્યું હતું. જયારે વોર્ડ નંબર 12માં છેલ્લા રાઉન્ડ સુધી કોંગ્રેસના ત્રણ ઉમેદવાર અને ભાજપની મહિલા ઉમેદવાર આગળ રહેતા અહીં ભાજપ ત્રણ બેઠક ગુમાવશે તેવો ભય નેતાઓને લાગ્યો હતો.

જો કે છેલ્લા બે રાઉન્ડમાં ભાજપની ત્રણ અને કોંગ્રેસની એક બેઠક નીકળી હતી. આ જ રીતે વોર્ડ નંબર 19મા પણ કોંગ્રેસના નેતા અસલમ સાયકલવાળાના પુત્રે સોહેલની પેનલે ઘણા રાઉન્ડ સુધી લીડ પકડતા ભાજપના નેતાઓને હારવાનો ભય લાગ્યો હતો. તો વોર્ડ નંબર 16માં આપના પાયલ સાકરીયાની પેનલે છેલ્લે સુધી ટક્કર આપતા ભાજપ સાવ પાતળા માર્જીનથી જીતી શક્યું હતું.

### ભલામણથી ટિકિટ અપાવી પણ હવે પદ માટે ધારાસભ્યોમાં ખેંચતાણ થશે

**બુથ** મેનેજમેન્ટ અને પેજ કમિટી શોભાના ગાંઠિયા બની રહ્યાની કાર્યકરોમાં ચર્ચા

સુરતઃ ભાજપમાં ટિકિટ ફાળવણી વખતે સંગઠન દ્વારા ધારાસભ્યોના લેટરપેડ પર તેના ઇચ્છીત ઉમેદવારોના નામ લખાવી લઇ તેને જીતાડવાની જવાબદારી સોંપવામાં આવી હતી. જેમાં આ વખતે શહેર સંગઠન, બુથ મેનેજમેન્ટ તેમજ કહેવાતી પેજ કમિટી શોભાના ગાઠીયા જેવી બની રહી પરંતુ તમામ વિસ્તારોમાં ધારાસભ્યોના દમ પર ચૂંટણી લડાઇ અને ધારાસભ્યો તમામ ઉમેદવારોને જીતાડી લાવ્યા છે. માત્ર કામરેજ વિધાનસભામાં એક વોર્ડમાં એક પેનલ તૂટી છે. ત્યારે હવે મનપામાં મહત્ત્વના પદોની વહેંચણીમાં પણ માત્ર એક જગ્યાએથી એકહથ્થુ નિર્ણય નહીં લેવાય પણ ધારાસભ્યો વચ્ચે પદોની વહેંચણીમાં પણ ખેંચતાણ જોવા મળશે તે નક્કી છે.

### ગોરાટમાં વિરોધ છતાં અપક્ષ કે આપ જિત્યા નહીં, હર્ષ મહેતાના મત ઘટ્યા

સુરતઃ સુરતના અડાજણ-ગોરાટ વિસ્તારના વોર્ડ નંબર 11 માં ભાજપની પેનલનો વિજય થયો હોવા છતાં, ઉમેદવાર હર્ષ મહેતા સામેના સ્થાનિક અસંતોષના પડઘા ચૂંટણી પરિણામોમાં જોવા મળ્યા હતા. હર્ષ મહેતાને તેમની જ પેનલના અન્ય ત્રણ સાથી ઉમેદવારોની સરખામણીએ આશરે 2000 જેટલા ઓછા મત મળ્યા છે. જ્યારે આ વોર્ડમાં અપક્ષ, કોંગ્રેસ કે આપના ઉમેદવારોને પણ આ વિરોધનો એટલો ફાયદો થયો નહોતો. આ વોર્ડમાં હર્ષ મહેતા સામેના વિરોધમાં સીધો ફાયદો અપક્ષ ઉમેદવાર તરુણ પટેલને મળ્યો હતો. તરુણ પટેલને 5112 જેટલા મતો મળ્યા હતા. તરૂણ પટેલને આપના ઉમેદવાર કરતાં વધુ મતો મળ્યા હતા. આપના ઉમેદવારોને સરેરાશ ચાર હજાર અને કોંગ્રેસના ઉમેદવારોને સરેરાશ 6થી 7 હજાર મતો મળ્યા હતા. જોકે, એક વાત ચોક્કસ છે કે હર્ષ મહેતાને જે મતો ઓછા મળ્યા છે તે જોતાં આગામી સમયમાં શાસક પક્ષે સ્થાનિક જનતાના રોષને હળવો કરવા માટે જમીની સ્તરે વધુ મહેનત કરવી પડશે.

### પશ્ચિમ વિધાનસભાની બેઠકોમાં ઉમેદવારો 21થી 27 હજારની લીડથી જિત્યા

**ધારાસભ્ય** પૂર્ણેશ મોદીની મહેનત રંગ લાવી, હર્ષ મહેતાને પણ 23 હજારની લીડ મળી

સુરતઃ વિધાનસભાના ઉપાધ્યક્ષ પુર્ણેશ મોદીની મહેનતને કારણે તેમના મતવિસ્તાર સુરત પશ્ચિમ વિધાનસભામાં ત્રણેય વોર્ડમાં તમામ ઉમેદવારો સરેરાશ 21 હજારથી વધુની લીડથી જીત્યા છે. વોર્ડ નંબર 9માં ભાજપના ચારેય ઉમેદવારોની લીડ 86,148ની રહી છે. એટલે કે એક ઉમેદવારને સરેરાશ 21 હજારની લીડ રહી તો વોર્ડ નંબર 10માં 1,39,180 ની લીડ રહી એટલે કે દરેક ઉમેદવારને સરેરાશ 35 હજારની લીડ રહી. જ્યારે ગોરાટમાં વોર્ડ નંબર 11 માં પણ ચારેય ઉમેદવારોની લીડ 1 લાખથી વધુ રહી હોય ત્રણ ઉમેદવારો 25 થી 27 હજારની લીડ મળી હતી.

# ગાંધી કોલેજ બહાર લોકોના પર્સ, મોબાઈલ તફડાવાયા

**પહેલું** પરિણામ વોર્ડ નં.4નું જાહેર થયું હતું, ટોઇલેટ ઉભરાઇ જતાં રાજકીય પક્ષના ઉમેદવારો, કાર્યકરો હેરાન થયા

સુરતઃ સુરત મહાપાલિકાની ચૂંટણીમાં આજે મજુરાગેટની ગાંધી ઈજનેરી કોલેજ ખાતે કરાયેલી મતગણતરી દરમિયાન રાજકીય પક્ષો,અપક્ષ ઉમેદવારોએ અને તેઓના સમર્થકો આજે સવારે 9 વાગ્યાથી ભેગા થઈ ગયા હતા. સૌથી પહેલું પરિણામ વોર્ડ નંબર 4 કાપોદ્રાનું પરિણામ માત્ર અર્ધો કલાકમાં જ જાહેર થયું હતું. જોકે, કોલેજની બહાર ભીડમાં પાકિટમારોને મજા પડી ગઈ હતી.

ગાંધી ઈજનેરી કોલેજની બહાર આશરે 5000 થી 6000 લોકો ભેગા થયા હતા. તેઓ LED સ્ક્રીન પર આ પરિણામ નિહાળી રહ્યાં હતા ત્યારે ભીડનો લાભ લઈ પાકિટમારો દ્વારા રાજકીય પક્ષના કાર્યકરોના પર્સ,અને મોબાઈલ ફોન તફડાવી લેવામાં આવ્યા હતા. આશરે ત્રણેક જેટલા લોકોના પર્સ અને મોબાઈલ ચોરાઈ ગયા હતા. કેટલાક ઉમરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવા ગયા હતા. રાજકીય પક્ષના સમર્થકો આજે સવારથી મત ગણતરી કેન્દ્ર બહાર ભેગા થતા વાહન પાર્કિંગની સમસ્યા સાથે નજીકમાં ટોયલેટમાં જવા પણ મોટી સમસ્યા ઊભી થઈ હતી. મોબાઈલ ટોયલેટ ગંદકીથી ઉભરાઈ જતા લોકો નજીકની રેસ્ટોરન્ટ, બેંકોમાં જવું પડ્યું હતું.

### આ વખતની મતગણનામાં રિંગ રોડ શાંતિથી ધબકતો રહ્યો

સુરતઃ મંગળવારે વહેલી સવારથી ગાંધી એન્જિનિયરિંગ કોલેજ ખાતે સુરત મહાનગર પાલિકાની ચૂંટણીની મતગણનામાં પરિણામ જાણવા માટે ભાજપ, કોંગ્રેસ, આપ સહિતના ઉમેદવારોના સમર્થકો મોટી સંખ્યામાં ઊમટી પડ્યા હતા. આ વખતે રિંગ રોડ પર ટ્રાફિક જામનો પ્રશ્ન ઊભો ન થાય અને કોઈ વાહન ચાલકો સાથે માથાકૂટ ન થાય એ માટે એન્ટ્રી રિંગ રોડ તરફના ગાંધી એન્જિનિયરિંગ કોલેજના મુખ્ય ગેટ પાસેથી એન્ટ્રીના બદલે જૂની આરટીઓ કચેરીની સામેની ગલીમાંથી ગાંધી એન્જિનિયરિંગના પાછળના ભાગે મતગણના માટેનો મુખ્ય એન્ટ્રી ગેટ રાખવામાં આવ્યો હતો. આ રૂટ પર ટ્રાફિક જામ ન થાય એ માટે વિશેષ પોલીસ બંદોબસ્ત તૈનાત કરીને વાહન વ્યવહાર ચાલુ રખાવ્યો હતો. જેને કારણે કોઈ મુશ્કેલી સર્જાય નથી અને આ તરફ રિંગ રોડ શાંતિથી ધબકતો રહ્યો હતો.



### મતગણના એન્ટ્રી પાસે એકમાત્ર અસ્ત્રીવાળાએ આજે રોજગારી ગુમાવવી પડી

ગાંધી એન્જિનિયરિંગ કોલેજમાં ચાલતી મતગણનાના કારણે કોલેજની પાછળ જ્યાં મતગણના સ્થળ પાસે આંગન એપાર્ટમેન્ટ પાસે અસ્ત્રીની નાનકડી દુકાન ધરાવતા સંજયભાઈને સવારે જ પોલીસવાળાએ દુકાન બંધ રાખવાની કડક સૂચના આપી દીધી હતી. સંજયભાઈના જણાવ્યાં મુજબ આખા દિવસમાં માત્ર ૬૦૦-૭૦૦ રૂપિયા મળે છે. રોજનું કમાયને પરિવારનું ગુજરાન ચલાવ છું. મને ખબર જ ન હતી કે આજે અહીં મતગણના છે. આજ તો કિસીસે ઉધાર લેના પડેગા.

# ગુજરાતમાં જીત બદલ લોકોનો આભાર: મોદી

**વર્ષોથી** ભાજપ દ્વારા કરાયેલા અવિરત પરિશ્રમને જનતાએ આશીર્વાદ આપ્યાં છે

ગાંધીનગરઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં થયેલી જીત બદલ મોદીએ ગુજરાતની પ્રજાનો આભાર માન્યો હતો. 'એક્સ' પર પોસ્ટ કરીને પીએમ મોદીએ લખ્યું હતું કે આ પરિણામો સ્પષ્ટ દર્શાવે છે કે વર્ષોથી ભાજપ દ્વારા કરાયેલા અવિરત પરિશ્રમને જનતાએ હાર્દિક આશીર્વાદ આપ્યા છે. હું ગુજરાતની જનતાને ખાતરી આપું છું કે આવનારા સમયમાં અમે વધુ પ્રતિબદ્ધતા અને સમર્પણ સાથે કાર્ય કરી, રાજ્યને વિકાસના નવા શિખરો સુધી પહોંચાડવા માટે સતત પ્રયત્નશીલ રહીશું. આ અવસરે, હું ભાજપના વિશાળ કાર્યકર્તા પરિવારના જમીનસ્તરના અવિરત પ્રયત્નોની સરાહના કરું છું અને અભિનંદન પાઠવું છું. તેઓ હંમેશાં જનતા વચ્ચે રહી તેમની સમસ્યાઓને સમજવા અને સમર્પિત ભાવથી ઉકેલવા માટે કાર્યરત રહ્યા છે. આ જ કારણે ભારતીય જનતા પાર્ટી વારંવાર ગુજરાતના લોકોની પ્રથમ પસંદ બની રહી છે.